## Bilakhiya Sikandar Abdulbhai

Navapara, Doslinu Naheru,
Near B. B. Haji Masjid, **Bhavnagar.**
Cell no. 9904458978 / 8460587019
Disability : Orthopedic Hadicapped
Monthly Salary : Rs. 6,000




## WISH FULFILLED

Fond of computer since childhood drew me to join AT&T Technology Park where I underwent training for computer operation.

Presently I am a data-entry operator drawing Rs. 5000 p.m. Besides my getting this job, the training equipped me to appear for competitive examinations.

Now I am with Bhavsinhji Polytechnic Institute, Bhavnagar as Computer Operator and Instructor and drawing Rs. 6,000 per month.

My grateful thanks to AT&T Technology Park.

## ભવિષ્યમાં કોમ્પ્યુટરની આ તાલીમ ઉપયોગી થશે તેવી આશા હતી

નાનપણથી જ મને કોમ્પ્યુટરમાં રસ હતો. મારું કોમ્પ્યુટર જ્ઞાન ખૂબ જ ઓછું હોઈ મને નોકરી મેળવવામાં ખૂબ જ મુશ્કેલીઓ પડતી હતી. મિત્ર દ્વારા મને જાણ થયા બાદ, એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી પાર્કમાં મેં એડમિશન મેળવ્યું અને કોમ્પ્યુટર વિશે જ્ઞાન મેળવેલું. ભવિષ્યમાં કોમ્પ્યુટરની આ તાલિમ ખૂબજ ઉપયોગી થશે, તેવી આશા બંધાઈ હતી.

હું હાલમાં ડેટા એન્ટ્રીનું કામ કરી રહયો છું, અને મને ભવિષ્યમાં કોમ્પ્યુટરના આધારે ખૂબજ સારી નોકરી મળશે, તેવો વિશ્વાસ છે.

સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં પણ કોમ્પ્યુટર કોર્સ ખૂબજ ઉપયોગી થાય છે, તેથી હું એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી પાર્કનો ખૂબ જ ઋણી રહીશ.

તાલિમ પછી, મને યશ ડિઝિટલ લેબ, ભાવનગરમાં કોમ્પ્યુટર ઓપરેટરની જોબ મળી હતી. ત્યાં રૂા. ૫૦૦૦/- પગાર મળતો હતો.

હું અત્યારે બી.પી.ટી.આઈ.કોલેજ ભાવનગરમાં ઈન્સ્ટ્રક્ટર તરીકે ફરજ બજાવું છું. મને માસિક પગાર રૂા. ૬૦૦૦ મળે છે.



## Vagh Sadulbhai Atabhai

Village : **Jamka (Gir),**
Taluko : Khanbha,
District : Amreli,
Cell No. 9624739345
Disability : Orthopedic Handicapped



## FUTURE IS BRIGHT

I am fond of computer. But there was hardly any facility for computer learning in the village. One of my friends gave me information about free computer training in Bhavnagar – based AT&T Technology Park. I got admission and completed Basic and DTP. Now I have full knowledge of computer operation.

I am now quite hopeful of my bright future with the asset of computer skill.







## મારું ભવિષ્ય સુધારી શકીશ

મને કોમ્પ્યુટર શીખવાનો ખુબજ શોખ, પરંતુ ગામડામાં કોમ્પ્યુટર શીખવા માટેની કોઈ પણ સુવિધા જ નહીં.

મારા મિત્રએ આપેલ માહિતીથી મેં, એ.ટી.એન્ડ ટી. ટેકનોલોજી પાર્કમાં પ્રવેશ મેળવી બેઝિક, ડી.ટી.પી. વગેરે કોર્સમાં તાલિમ મેળવી. આજે મને કોમ્પ્યુટરનું ઘણું નોલેજ છે. હું કોમ્પ્યુટર પર કામ કરી શકું છું.

એ.ટી.એન્ડ ટી. ટેકનોલોજી પાર્કમાં પ્રવેશ લીધા પહેલાં હું ભણેલો-ગણેલો હોવા છતાં કોમ્પ્યુટરના નોલેજમાં અભણ સાબિત થતો હતો.

તાલિમ મેળવ્યા પછી મને વિશ્વાસ છે કે, હું ભવિષ્યમાં કોઈ પણ જગ્યાએ કોમ્પ્યુટર ઓપરેટરની નોકરી મળશે તો ત્યાં હું કોમ્પ્યુટરમાં કામ કરી શકીશ. મારામાં હવે આત્મવિશ્વાસ જાગ્યો છે કે, હું પગભર થઈ મારું ભવિષ્ય સુધારી શકીશ.

## Gohil Sahdevsinh Sajubha



Village : **Jalalpur,**
Taluko : Gadhada,
District : Botad.
Cell no. 9737351818
Disability : Orthopedic Handicapped
Monthly Income : Rs. 7000

### NO OTHER OPTION

After passing Std. XII I had come to Bhavnagar for higher study from Gadhada. On account of poor economic condition it was impossible to bear expenses of lodging and boarding in Bhavnagar. I left study and tried to get a job. But with no skill, to get a job was impossible. Finally, I joined Fast-food joint as helper. I used to get tired but there was no other way.

Once a disabled person visited the Fast-food joint. He gave me information about free computer training being given by AT&T Technology Park. I immediately joined the institute and took training in Basic, Photoshop and DTP courses.

Having this knowledge I tried for a job in response to an advertisement in Chamunda Xerox. I got a job with salary Rs. 1700 per month. Then I joined Jay Graphics only 6 km off from native place. My monthly salary was Rs. 3000 in this company.

After a year or so I thought of having my own business. For this, I invested Rs. 18,000 and started to offer services in the area of typing, designing and screen – printing.

Presently I am earning between Rs. 5,000 and Rs. 7,000. I want to develop my business with support from NGO or Government funding. Thanks and credits are squarely due to AT&T Technology Park for my journey to my own empire.

### બીજો કોઈ રસ્તો હતો જ નહીં

ધોરણ ૧૨ પાસ કર્યા પછી, કોલેજમાં અભ્યાસ કરવા ભાવનગર આવ્યો હતો. ગામડે અમારા કુટુંબની આર્થિક પરિસ્થિતિ ખુબ જ નબળી હતી. મને બહાર રહેવા-જમવા તથા અન્ય ખર્ચ પોસાય તેમ ન હોવાથી મેં અભ્યાસ છોડી દીધો. હવે મારે કોઈપણ કામે લાગી જવા સિવાય બીજો કોઈ રસ્તો ન હતો. મારી પાસે ધંધાની કોઈ આવડત કે જ્ઞાન ન હતું. મને નોકરી પણ મળતી ન હતી. છેવટે એક ફાસ્ટફૂડની લારીમાં મને કામ મળ્યું, તે કામ સ્વીકારી કામે લાગી ગયો. આ કામમાં હું ખુબ જ થાકી જતો. પણ કર્યા સિવાય તો બીજો કોઈ રસ્તો હતો જ નહીં...

એકવાર ફાસ્ટફૂડની લારી પર, ફાસ્ટફૂડ ખાવા માટે એક અપંગ ભાઈ આવ્યા. તેમણે એ.ટી.એન્ડ ટી. ટેકનોલોજી પાર્કમાં થતાં કોર્સ વિશે માહિતી આપી અને બીજા દિવસે પોતાની થ્રી વ્હીલર સાયકલમાં બેસાડી મને એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી પાર્કમાં લઈ જઈ એડમિશન કરાવી આપ્યું. એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી પાર્કમાં બેઝિક, ફોટોશોપ, ડી.ટી.પી.નો કોર્સ કર્યો.




મારી પાસે કોમ્પ્યુટરનું નોલેજ હોવાથી હું જોબ માટે એપ્લીકેશન આપતો, જાહેરાતો વાંચતો. મને પહેલી જોબ ભાવનગરમાં જ વાઘાવાડી રોડ પર આવેલ, ચામુંડા ઝેરોક્ષમાં, કોમ્પ્યુટર ઓપરેટર તરીકે મળી. ત્યાં મારો પગાર રૂા. ૧૭૦૦/- હતો. મારો અનુભવ વધતાં અમારા ગામથી ૬ કિલોમીટર દુર "જય ગ્રાફિક્સ"માં કોમ્પ્યુટર ઓપરેટરની નોકરી મળી. ત્યાં મને રૂા. ૩૦૦૦/- પગાર મળતો. ત્યાં એકાદ વર્ષ નોકરી કરી પછી મને મારો પોતાનો વ્યવસાય શરૂ કરવાનો વિચાર આવ્યો અને મેં રૂા. ૧૮૦૦૦/- જેવું રોકાણ કરી, થોડી જરૂરી ચીજવસ્તુઓ લઈ, પોતાનો વ્યવસાય શરૂ કર્યો. અહીં હું ટાઈપકામ, ડિઝાઈનકામ તેમજ સ્ક્રીન પ્રિન્ટીંગનું કામ કરું છું. કોઈ સેવાભાવી સંસ્થા તરફથી કે દાતા તરફથી મને જો કોઈ સહાય કરવામાં આવશે તો, હું મારા વ્યવસાયનો વિકાસ કરી શકું તેમ છું. હાલમાં હું દર મહિને ૫૦૦૦ થી ૭૦૦૦ જેવું કમાઉં છું. ખરેખર, મને કોમ્પ્યુટરનું જ્ઞાન મળવાથી, આજે હું પગભર થયો છું, તેનો તમામ શ્રેય હું એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી પાર્કના શ્રી સુકેતુભાઈ શાહ, શ્રી કૌશિકભાઈ પરમાર તથા તમામ ફેકલ્ટી સ્ટાફને આપું છું અને ધન્યવાદ આપું છું.




# એ.ટી.એન્ડ ટી. ટેક્નોલોજી પાર્કમાં વિશેષ પ્રવૃતિ

## સફળ તાલિમાર્થીઓને પ્રોત્સાહક એવોર્ડ

## Special Activity at AT&T Technology Park

Award to Success Student





## Gurubani Bharat Prakashbhai

260, Sindhi Camp, Gariyadhar Road,
**Palitana,** District : Bhavnagar
Cell no : 8401433014

Disability : Orthopedic Handicapped
Monthly Income : Rs. 3,500



## I HAD NO MONEY

I had a desire to learn computer but I had no money to pay computer classes.

When I learnt from a friend that AT&T Technology Park renders computer skills to the disabled without fees, I immediately joined it.

I learnt here Basic, DTP and Photoshop. While learning computer, I was employed by Miscrosign, Bhavnagar.

Since I had no permanent residential facility in Bhavnagar, I came to Palitana. Presently I am working as vendor selling snacks using tricycle. My income is Rs. 3500 per month.

I want a job in a Call Center. Since my education was only upto 9th Std., I appeared for S.S.C. I am confident that after passing S. S. C. and with this computer skill I would get a very good job. I am trying sincerely to have a respectable job.



## મારી પાસે પૈસા હતા નહીં

કોમ્પ્યુટર શીખવાની ખુબ જ ઈચ્છા હતી, પરંતુ મારી પાસે પૈસા હતા નહીં. મેં એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી પાર્કમાં નિ:શૂલ્ક એડમિશન લીધું. મેં બેઝિક, ડી.ટી.પી., ફોટોશોપ વગેરે કોર્સ કર્યા. મારી કોમ્પ્યુટર શીખવાની ઈચ્છા પૂર્ણ થઈ. જયારે હું કોર્સ કરતો હતો ત્યારે જ માઈક્રોસાઈન પ્રોડકટસ, ભાવનગરમાં નોકરી મળેલી. પરંતુ એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી પાર્કમાં કોર્સ દરમ્યાન, હું પી.એન.આર. સોસાયટીની હોસ્ટેલમાં રહેતો હતો અને સાથો-સાથ નોકરી પણ કરતો હતો. કોર્સ પૂરો થયો. નોકરી છોડી દેવી પડી, કારણકે ભાવનગરમાં રહેવાની કાયમી વ્યવસ્થા ન હતી. પછી હું પાલીતાણા પરત આવ્યો. હાલમાં હું ટ્રાયસિકલના સહારે ચવાણું વેચવાનું કામ કરી રહયો છું. મારી હાલની માસિક આવક રૂ. ૩૫૦૦ છે. મારે કોલ સેન્ટરમાં જોબ કરવી છે. પરંતુ મારો અભ્યાસ ઓછો પડે છે. તેથી મેં એસ.એસ.સી.ની પરીક્ષા ફરીથી દીધી છે. મેં પાલીતાણામાં નોકરી માટે ઘણી જગ્યાએ ઈન્ટરવ્યુ આપ્યાં, પણ મને ચાલવામાં, દાદર ચડવા-ઉતરવામાં તકલીફ પડતી હોઈ, કોઈ નોકરી આપતું નથી.

**Paddhariya Dinesh Vinodrai**
Plot No. 75, Sitaram Park,
Sidasar Road, **Bhavnagar.**
Cell no : 9426146390
Disability : Orthopedic Handicapped
Monthly Salary : Rs. 34,400



## NOW PEOPLE FOLLOW ME

I took web-designing training in the AT&T Technology Park and stood first. Immediately I got a job of computer operator in the newly started Prevention Department of PNR. My salary was Rs. 2640 to start with. During this period I used to accompany Prevention Team to rural areas where I used to educate other disabled about Provisions of Government for the disabled. After clearing competitive examination in 2004 I got a job of Junior Assistant in Babra subdivision of PGVCL. Now I am Account Superintendent and drawing Rs. 34,400 per month. Besides training at AT&T Technology Park, I got good company of elite friends which I remember and maintain relations even today. Though I have struggled a lot, the AT&T Technology Park changed my destiny to a respectable citizen. I am happy to state that earlier I used to follow other successful people but now people get inspired by me and follow me.

## હવે લોકો મને અનુસરે છે

એ.ટી.એન્ડ ટી. ટેકનોલોજી પાર્કની પ્રથમ બેચ વેબ ડિઝાઈનિંગના કોર્સમાં હું પ્રથમ આવેલ. મારા કોર્સ દરમ્યાન પરર્ફોમન્સના આધારે, પી.એન.આર. સંસ્થાના શ્રી અનંતભાઈ શાહ દ્વારા, પ્રિવેન્શન વિભાગમાં વર્ષ ૨૦૦૪ માં કોમ્પ્યુટર ઓપરેટર તરીકે મને નિમણૂંક અપાયેલી. મારો પગાર રૂા. ૨૬૪૦/- હતો.

પ્રિવેન્શન વિભાગમાં કોમ્પ્યુટર ઓપરેટર તરીકેની કામગીરીની સાથે-સાથે સી.બી.આર. પ્રોજેકટમાં હું જુદા જુદા ગામમાં જઈને, ગ્રામસભા દ્વારા વિકલાંગોને મળતા લાભો વિશે માહિતગાર કરતો. સર્વ રોગ નિદાન કેમ્પમાં પણ કામગીરી કરેલ.

નવેમ્બર-૨૦૦૪માં સ્પર્ધાત્મક પરીક્ષા આપી. પી.જી.વી. સી.એલ.માં જુનિયર આસિસ્ટન્ટ તરીકે બાબરા સબ ડિવિઝનમાં જોડાયેલ અને હાલ એકાઉન્ટ સુપ્રિન્ટેન્ડન્ટ તરીકે ચિત્રા સબ ડિવિઝન, ભાવનગરમાં ફરજ બજાવું છું. હાલમાં મારો પગાર રૂા. ૩૪૪૦૦/- છે.

એ.ટી. એન્ડ ટી. માં કોર્સ કર્યા પછી, કોમ્પ્યુટર વિશે જ્ઞાન મળેલ. કોર્સ દરમ્યાન સારા મિત્રોનો સંગાથ થયેલ, જે હજી જળવાઈ રહેલ છે. હું આજે જે સ્થાન પર છું તે સ્થાન પર પહોંચવા માટે ઘણી મહેનત કરવી પડી છે. ઘરની આર્થિક પરિસ્થિતિ સારી ન હોવાને કારણે, ધો. ૬ માં હતો ત્યારથી કામ કરતો આવ્યો છું. એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી પાર્કે એક સારું પ્લેટફોર્મ પુરું પાડેલ.

જિંદગીની સૌથી મોટી સફળતા આજે એ છે કે, હું પહેલાં બીજા લોકોને અનુસરતો હતો. આજે સમય બદલાઈ ગયો છે. બંને પગે વિકલાંગ હોવા છતાં, હવે લોકો મને અનુસરે છે. વિકલાંગોના ખેલ મહાકુંભમાં છેલ્લાં બે વર્ષથી જિલ્લા કક્ષામાં પ્રથમ આવેલ છું.

## Parmar Vishal Mansukhbhai



Street no. 3, Gorawadi,
Village : **Palitana,** District : Bhavnagar
Cell no : 9726594985
Disability : Orthopedic Handicapped
Monthly Salary : Rs. 6,000

## HANDICAPPED BY BOTH LEGS CAREER WAS DIFFICULT

Being 100% locomotor disabled, I wondered how will be my life! Economic condition of our family was poor. I learnt from the advertisement that AT&T Technology Park renders computer skills to disabled youth and provides lodging and boarding facilities.

Presently I am with District Panchayat as Computer Operator. My monthly salary is Rs. 6,000. My other friends are also beneficiaries of the AT&T Technology Park. We are all grateful to this institute.

## બંને પગે વિકલાંગતાને કારણે પારાવાર તકલીફ અનુભવી

હું બંને પગે વિકલાંગ છું. ઘોડીનો ઉપયોગ કરું છું. ટ્રાયસિકલ દ્વારા અવરજવર કરું છું. પગની ખોડને કારણે પારાવાર તકલીફનો અનુભવ થતો. માત્ર કોમ્પ્યુટરનું કામ જ હું સરળતાથી કરી શકું તેમ



હતો. મને કોમ્પ્યુટર શીખવાની ઈચ્છા હતી. પરંતુ મારી આર્થિક સ્થિતિ સારી ન હતી. ન્યુઝ પેપરમાં જાહેરાત દ્વારા માહિતી મળી કે, વિકલાંગ વ્યકિતઓ માટે, એ.ટી.એન્ડ ટી. ટેકનોલોજી પાર્કમાં કોમ્પ્યુટર શીખવવામાં આવે છે. હું કોમ્પ્યુટરની તાલિમ માટે ભાવનગર આવી ગયો. અહીં તાલીમ મળ્યા બાદ હું ખુબ સરળતાથી કોમ્પ્યુટર પર કામ કરી શકું છું. કોમ્પ્યુટરનું પૂરતું જ્ઞાન હોઈ, નોકરી મેળવવામાં મુશ્કેલી પડતી હતી, એ દૂર થઈ ગઈ છે. હું આજે જે સ્થાન પર છું તે સ્થાને પહોંચવા માટે ઘણો સંઘર્ષ કરવો પડયો છે.

હાલમાં, હું જિલ્લા પંચાયત, ભાવનગરમાં નોકરી કરું છું. મને રૂા. ૬૦૦૦/- પગાર મળે છે. મારા જીવનની મુશ્કેલીવાળા સમય દરમિયાન એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી પાર્કમાં ઉપયોગી થાય તેવું માર્ગદર્શન મળ્યું. પગભર થયાનો આત્મસંતોષ એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી પાર્કને આભારી છે.

## Solanki Mansukh Valabhai

Block No. B/14,
Central Salt Colony,
Waghawadi Road, **Bhavnagar.**
Cell no : 9909169107


Disability : Orthopedic Handicapped
Monthly Income : Rs. 6,000



## UNPARALLED AT&T TECHNOLOGY PARK

Disabled-friendly and rendering free-coaching of computer operation to the disabled youth, the AT&T Technology Park is unique. Being locomotor disabled I took the advantage of the facility and underwent computer training. During training I got information on government schemes in force and availability of jobs.



With this training I make use of e-mail, typing, etc in my brokerage business. I am also working as a editor in monthly newspaper "Vikalang Vaacha" which is publish for disabled people.

I come from Kutch. I can safely say there is no platform like AT&T Technology Park for disabled anywhere.

## એ.ટી. એન્ડ ટી. ટેક્નોલોજી પાર્ક જેવું પ્લેટફોર્મ ક્યાંય નથી

એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી પાર્કમાં કોમ્પ્યુટરની તાલિમ મળી. સરકારી યોજનાઓ તથા નોકરીની માહિતી પણ ખૂબજ મળી.

કોમ્પ્યુટર શીખ્યા પછી, મારા બ્રોકરેજના વ્યવસાયમાં હું ઈ-મેલ, ટાઈપિંગ ખૂબ સારી રીતે કરી શકું છું. વિકલાંગો માટે પ્રકાશીત થતાં સમાચાર પત્ર ''વિકલાંગ વાચા''ના તંત્રી તરીકે કામગીરી પણ કરું છું.

અહીં મેળવેલ તાલિમ મને ખૂબ ઉપયોગી થઈ છે.

હું કચ્છ વિસ્તારમાંથી અહીં આવેલ છું, મારા અનુભવ મુજબ વિકલાંગોની કારકીર્દી માટે એ.ટી.એન્ડ ટી. ટેકનોલોજી પાર્ક જેવું પ્લેટફોર્મ ક્યાંય નથી.